## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ-આરાધના આજે રાત્રે ૯.૦૦ વાગે દિવ્યેશ એચ. શાસ્ત્રી, પ્લોટ નં. ૧૨૬/૨ કિસાનનગર ખાતે યોજવામાં આવશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા ભગવાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ, સ્તુતી વંદના દિપકભાઈ જાની (પાયલ કલરલેબ) નિવાસસ્થાન પ્લોટ નં. ૫૯૦, સેક્ટર-૨૩ ખાતે રાત્રે ૯.૦૦ વાગે યોજાશે.
- શિવ-શક્તિ શિવમહિમ્ન સ્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા આજે રાત્રે ૯.૦૦ વાગે શિવમહિમ્ન પાઠ ગીરીશભાઈ ઠાકોર બ્લોક નં. ૧૫૦/૪, બી-૧ નવરાત્રી ચોક પાસે સેક્ટર-૨૩ ખાતે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ-રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે ગીરીશભાઈ શુકલ, ઈ-૧૦૨, બાલમુકુંદ હાઈટ, સ્વામિનારાયણ ધામની બાજુમાં ધોળેશ્વર રોડ ખાતે યોજાશે.
- વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે આરતી રામકથામાં વિવિધ ફૂલોના હિંડોળાના દર્શન થશે. ભાવિભક્તોને લાભ લેવા રામધામ સમિતિએ જણાવ્યું છે.

## ઓલ ઈન્ડિયા ચોથા વર્ગ મંડળના ઉપપ્રમુખ પદે વરણી

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં ઓલ ઈન્ડિયા ચોથા વર્ગ કર્મચારી મહામંડળની મિટીંગ દિલ્હી ખાતે ગત ૨૨, ૨૩ અને ૨૪ જુલાઈના રોજ યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાત રાજય ચોથા વર્ગ કર્મચારી મહામંડળના મહામંત્રી પ્રવિણભાઈ સોલંકીની ઓલ ઈન્ડિયા ચોથા વર્ગ કર્મચારી મહામંડળના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. પુનમભાઈ સોલંકી, રાજેશ ચૌહાણ, કનુ સોલંકી, દિપેશ સોલંકી, ચંદ્રકાન્ત સાકરેચા અને આર.એમ. ઠાકોરને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## દલિત લોકમંડળની કારોબારી સમિતિની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના દલિત લોક મંડળની કારોબારી સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને તા. ૧૯મી જુલાઈના રોજ મળી હતી. આ બેઠકમાં ૨૦૧૪-૧૫ના વર્ષ માટે સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન ફોર શીડયુલ્ડ કાસ્ટ માટે પ્લાનીંગ કમીશનની આદેશાત્મક સૂચનાઓ અનુસાર બજેટમાં જોગવાઈ કરવા સારુ સરકારને લખવામાં આવેલા પત્રોની રજૂઆત કરવામાં આવી હતી. આ પત્રની નકલો દરેક ધારાસભ્યોને પહોંચાડવા ઉપરાંત તે અંગે વિરોધપક્ષના નેતાઓ શંકરસિંહ વાઘેલા અને શકિતસિંહ ગોહિલને રૂબરૂ મળી તે બાબતે રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિસનગર ખાતેના શ્રી હરિજન કેળવણી મંડળ દ્વારા સંચાલિત બંધ પડેલા હરિજન છાત્રાલય બાબતે પણ આ બેઠકમાં ચર્ચા કરાઈ હતી.

## સે. ૧-સી માં આનંદનો

ગાંધીનગર, તા. ૨૮

મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૩૦ જુલાઈ, બુધવાર, બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન ઉષાબેન ત્રિવેદી પ્લોટ નં. ૨૯૨/૨, સેક્ટર-૧-સી ખાતે યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાવિ-બક્તોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.



છેલ્લા ઘણાં સમયથી સેક્ટર-૫-એ ખાતે (ગ-૨ ચોકડી પાસે) ગટર ઉભરાવવાની ફરિયાદ નોટીફાઈડ કચેરીએ કરવામાં આવી છે. છતાં કોઈ જ કાર્યવાહી થઈ નથી. માથુ ફાટી જાય તેવી દુર્ગંધથી આસપાસના રહીશો પરેશાન થઈ ગયા છે. ગટરમાંથી ઉભરાતુ ગંદુ પાણી ચારે તરફ ફેલાઈ ગયું છે. અને ગમે તે સમયે ભયંકર રોગચાળો ફેલાવવાની પુરી શક્યતાઓ છે. તંત્ર ઝડપથી કોઈ પગલાં નહી ભરે તો ચોમાસાનાં દિવસોમાં સ્થાનિક રહીશોના સ્વાસ્થ્ય બગડતા સમય નહી લાગે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સરઢવ-રૂપાલ માર્ગ પરથી વિદેશી દારૂ ભરેલી માર્શલ જીપ પકડાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક સરઢવ રૂપાલ માર્ગ પરથી આજે બાતમીના આધારે વિદેશી દારૂ અને બિયરના જથ્થો ભરેલી જીપ પકડી પાડી બે શખ્સોની ધરપકડ કરી હતી અને પોણા ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગાંધીનગર નજીક સરઢવ-રૂપાલ માર્ગ પર એક માર્શલ જીપમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલો હોવાની માહિતી પેથાપુર પોલીસને મળી હતી જે બાતમીના આધારે બાતમીના વર્ણન વાળી જીપને અટકાવી તપાસ કરતા કુલ ૮૧૫ નંગ દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૮૧૫૦૦નો દારૂ, ૩ હજારના મોબાઈલ અને ૨ લાખની ગાડી મળી કુલ રૂ. ૨,૮૪,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને આરોપી અતુલ જયંતિ બારોટ (રહે. કલોલ) અને અશ્વિન ચંદુલાલ જંસારી (રહે. ચાંદખેડા)ની ધરપકડ કરી બંને વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આર.ટી.ઓ.માં બાઈકના નંબરો માટે જીજે-૧૮ સી.એચ.ની સીરીઝ

## આગામી તા. ૨૮ ઓગષ્ટે પસંદગીના નંબરો માટેની હરાજી પ્રક્રિયા

ગાંધીનગર, તા.૨૮

આર.ટી.ઓ કચેરી દ્વારા બાઈકના નંબરો માટે આગામી તા. ૨૮ ઓગષ્ટથી નવી જીજે-૧૮ સી.એચ.ની નવી સીરીઝ શરુ કરવામાં આવશે. જયારે આ અન્વયે પસંદગીના નંબરોને અનુલક્ષીને ૨૮મી ઓગષ્ટે બપોરે ૧૨ કલાકે હરાજીની પ્રકીયા હાથ ધરાશે.

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં હાલ મોટર સાયકલના નંબરો માટે જીજે-૧૮ સી.જી.ની સીરીઝ ચાલુ છે. આ ઉપરાંત આગામી તા. ૨૮ ઓગષ્ટથી જીજે-૧૮ સી.એચ.ની નવી સીરીઝ શરૂ કરવામાં આવશે નવી સીરીઝમાં પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન વાહન વેચાણની તારીખથી ૩૦ દિવસમાં કરાવી તા. ૨૬ થી ૨૭ ઓગષ્ટ દરમિયાન આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરી દેવાની રહેશે. પસંદગીના નંબરની અરજી સાથે રાષ્ટ્રીયકૃત બેંકમાંથી ભરવા માંગતા હોય તેટલી રકમનો ડ્રાફ્ટ કઢાવી બંધ કવરમાં અરજદારોએ સુપ્રત કરવાનો રહેશે. એકથી વધુ ડીમાન્ડ ડ્રાફ્ટ માન્ય રાખવામાં આવશે નહીં. કંપનીના નામે વાહનની નોંધણી થઈ હોય તેવા કિસ્સામાં પ્રતિનિધિએ લેખિત મંજુરી સાથે હાજર રહેવું પડશે. પસંદગીના નંબરો માટે તા. ૨૮ ઓગષ્ટે બપોરે ૧૨ કલાકે આર.ટી.ઓ કચેરી ખાતે હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ પણ વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળઉછેર પર વ્યાખ્યાન યોજાયું

આજના ઝડપી યંત્રયુગમાં નવી પેઢી આંગળીના ટેરવે માહિતીના ભંડારથી સજ્જ અને ખૂબ જ ઝડપથી કોમ્યુનિકેશન કરતી જોવા મળી રહી છે. આ ૨૧મી સદીમાં વાલીઓ માટે બાળ ઉછેર એ અતિ સંવેદનશીલ મુદ્દો છે. ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ૨૧મી સદીમાં બાળઉછેર કેવી રીતે કરવો અને બાળકોને મહાન બનાવવા શું કરવું જોઈએ તે બાબતે ચિરાગ ઉપાધ્યાયનું એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતુ. આ વ્યાખ્યાનમાં વાલીઓને બાળ ઉછેરની ટેકનીક, વૈજ્ઞાનિક રીસર્ચ સાથે ખૂબ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

## સે-૧ ગાયત્રી મંદિરે ધ્યાન-યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૮

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠ દ્વારા ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ ઓગષ્ટથી તા. ૧૦ ઓગષ્ટ દરમિયાન સવારે ૭-૦૦ કલાકે ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે આ શિબિર યોજાશે. શિબિરમાં તજજ્ઞો દ્વારા યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, તણાવ નિયંત્રણ તેમજ શારીરિક માનસિક રોગોથી મુકિત મેળવવાના વિવિધ ઉપાયો બતાવવામાં આવશે.



# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના બાળકોએ વિધાનસભાની મુલાકાત લીધી

### મુખ્યમંત્રીએ દરેક બાળકને પ્રત્યક્ષ મળીને વાતચીત કરી અને તેમની સાથે ફોટો પડાવ્યો

ગાંધીનગર, તા. ૨૮

રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રાથમિક ધોરણના બાળકોએ તા. ૨૫મી જુલાઈએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લઈને ચોમાસુ સત્રની કાર્યવાહીને નિહાળી હતી. વિધાનસભાની ચર્ચા જોઈને બાળકો પ્રભાવિત થયા હતા તેમજ બાળકોએ વિધાનસભામાં શિસ્તબદ્ધ સુરક્ષા, સરદાર પટેલ અને ગાંધીજીના સ્મારકો, સ્મૃતિ વસ્તુઓ અને ફોટાઓ વગેરેનું અવલોકન કર્યુ હતુ અને તેના વિશે તલસ્પર્શી માહિતી મેળવી હતી.

વિધાનસભા વેલમાં ગૃહના અધ્યક્ષ અને અન્ય મંત્રીઓ, સાર્જન્ટો વગેરેનું પ્રત્યક્ષ અવલોકન કર્યા બાદ બાળકોએ રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી પોતે સારા શિક્ષિકા રહી ચૂક્યા હોવાથી તેમણે તેમની કેબિનની બહાર ઉભેલા બાળકોને પણ પ્રત્યક્ષ પાસે જઈને શાળા તેમજ વિધાનસભા બાબતે પુછપરછ કરી હતી. આ ઉપરાંત તેમણે બાળકો સાથે ફોટો પણ પડાવ્યા હતા. મુખ્યમંત્રીની સાલસતાથી બાળકો ખુશ થઈ ગયા હતા અને મુલાકાત બદલ ગૌરવ અનુભવ્યો હતો.

## કિવઝ સ્પર્ધામાં વસંતકુંવબા કન્યા શાળા પ્રથમ

ગાંધીનગર, તા.૨૮

પોસ્ટલ ડિવીઝન ગાંધીનગર દ્વારા ગાંધીપેક્ષ-૨૦૧૪ અંતર્ગત સેકટર-૨૩ બ્રહ્માણી કૃપા હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલય સેકટર-૨૮ની ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કિવઝ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવ્યો હતો. વિદ્યાર્થીઓને માર્ગદર્શન નિમિષાબેન મહેતા દ્વારા આપવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓને શાળા પરીવારે અભિનંદન પાઠવ્યા છે.

## રમઝાન ઈદના પર્વ પર રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજ્યના મુસ્લિમ સમાજને પવિત્ર રમઝાન-ઈદની હાર્દિક મુબારકબાદી પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું કે ઈદનો તહેવાર સામાજિક જીવનમાં પ્રેમ, શાંતિ અને બંધુત્વની ભાવનાને દ્રઢ બનાવશે અને સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિ કરનાર બની રહેશે.



તારેજ યુનુસભાઈ મનસુરી ઉં.વ.-૪



મો. રિયાન મો. સફીખાન પઠાણ ઉં.વ.૭



મો. રીઝવાન મો. સલીમખાન પઠાણ ઉં.વ.૫

## પેથાપુરના ત્રણ નાના બાળકોએ પવિત્ર રમઝાન માસમાં પ્રથમ રોજો રાખી ખુદાની ઈબાદત કરી હતી

# સે. ૧૬ અંધશાળામાં હિન્દુ વિદ્યાર્થીએ રોઝા રાખ્યા, મુસ્લિમ વિદ્યાર્થીએ શ્રાવણ શરૂ કર્યો

ગાંધીનગર, તા. ૨૮

મુસ્લિમોના પવિત્ર રમઝાન માસમાં હિન્દુ વિદ્યાર્થીઓએ રોઝા રાખી કોમી એકલાસનું વાતાવરણ પુરૂ પાડ્યું છે.

ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલ અંધશાળામાં અલગ-અલગ જ્ઞાતિના બાળકો અભ્યાસ કરે છે. આ બાળકો ભણવાની સાથે સાથે જીવનમાં વિવિધ રંગો પુરતા તહેવારો પણ સાથે મનાવી આનંદ મેળવે છે. જેમનું જીવન અંધકારમાં ડુબેલુ છે તેવા વિદ્યાર્થીઓએ પ્રકાશમય જીવન જીવતા લોકોને સર્વધર્મ સમભાવનું સાચુ જ્ઞાન આપ્યું છે.

શાળામાં અભ્યાસ કરતા મોહિત વિશ્વકર્મા અને અન્ય વિદ્યાર્થીઓને મુસ્લિમોના પવિત્ર તહેવાર રમઝાન નિમિત્તે રોઝા રાખ્યા છે. જે આજે પૂર્ણ થશે. તેમજ હિન્દુ ધર્મના પવિત્ર ગણાતા શ્રાવણ માસમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ દ્વારા ઉપવાસ કરવામાં આવે છે. દેવાધિદેવ ભોળાનાથની પૂજા-અર્ચના કરવામાં આવે છે. ત્યારે આ વિદ્યાર્થીઓ ખરા અર્થમાં કોમી એકતાની સુવાસ ફેલાવી રહ્યા છે. દેશમાં હિન્દુ-મુસ્લિમને સામ-સામે લડાવનારાઓ ધર્મોમાં ભાગલા પાડી રહ્યા છે ત્યારે આ વિદ્યાર્થીઓ બન્ને કોમને જોડતો સેતુ બની સર્વધર્મની સુગંધ ફેલાવી રહ્યા છે અને સાચા અર્થમાં સર્વધર્મ સમભાવની ઉક્તિને સાચી ઠેરવી રહ્યા છે.

## સંગીત નાટક અકાદમી દ્વારા પંડીત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધાનું આયોજન

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા પંડીત ઓમકારનાથ શાસ્ત્રીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. સ્પર્ધામાં ૧૨ થી ૧૯ વર્ષની વયના કલાકારો 'અ' વિભાગમાં અને ૨૦ થી ૩૫ વર્ષની વય ધરાવતા કલાકારો 'બ' વિભાગમાં ભાગ લઈ શકશે. બંને વિભાગોમાં કંઠયગાન, સ્વર વાદ્ય અને તાલવાદ્ય એમ ત્રણ વિભાગમાં યોજાશે. આ સ્પર્ધમાં સ્વર વાદ્યમાં સિતાર, વાયોલીન, દિલરુબા, શહનાઈ, કલેરીપાનેટ, સંતુર, ગિટાર, મેન્ડોલીન, સરોદ વગેરે અને તાલ વાદ્ય સ્પર્ધામાં તબલા, મૃદંગ, ખપાવજ વગેરેનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધામાં ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષથી વસતા અને અન્ય રાજયોમાં વસતા ગુજરાતી કલાકારો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા કલાકારો માટે કોઈ સિધ્ધહસ્ત ગુરુ કે સંગીત સંસ્થામાં તાલીમનો અનુભવ 'અ' વિભાગના કલાકારો માટે ત્રણ વર્ષ જયારે 'બ' વિભાગના કલાકારો માટે પાંચ વર્ષનો રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોટો અને તાલીમનું સર્ટીફીકેટ સાથે અરજી સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને ૮મી ઓગષ્ટ પહેલા મોકલી આપવા.



સેકટર-૨૩માં આવેલ શ્રીમતી આર.બી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ વિધાનસભા ગૃહની મુલાકાત લીધી હતી. જેમાં શાળાના ૩૩૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ રાજયનો વહિવટ જ્યાથી થતો હોય તો જગ્યાને નિહાળીનો ધન્યતા અનુભવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૨૧

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૩ :
કીક : ૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયા : ૩.૩૦
સ્કીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
કીક :૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
: સ્કીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
કીક :૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્કીન-૩ :
હેટ સ્ટોરી - ૨ :૯.૩૦
કીક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ સુદ બીજ , તા. ૨૯-૭-૨૦૧૪, મંગળવારના રોજ એલચીના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

**કર્ક** : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**સિંહ** : સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

**કન્યા** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

**કુંભ** : વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

**મીન** : ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. છગનભાઈ ગણેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૬૯૬/૨, સેક્ટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ચંચીબેન શાંકાભાઈ પટેલ (ઉ.વ. ૭૪) મુ.પો. શાહપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. કંકુબેન બહેરાજી વણઝારા (ઉ.વ.૧૦૫) મુ.પો. બોરીજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોરભાઈ નરસિંહલાલ ખત્રી (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૮૫/૧, સેક્ટર-૧બી, ગાંધીનગર
- ઠાકોર જોત્સનાબેન ભરતજી (ઉ.વ.૩૦) મુ.પો. શાહપુર, તા.જી. ગાંધીગનર
- અમથીબેન અંબાલાલ પ્રજાપતિ (ઉ.વ.૯૫) મુ.પો. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- મંદાકિની ઉમાશંકર દવે (ઉ.વ.૫૬) પ્લોટ નં. ૮૩/૧, સેક્ટર-૨એ, ગાંધીનગર.